ગણેશ વિસર્જન સમયે કરાઈ પાસે ૧૦ યુવાનો ડૂબ્યા

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર પાસે આવેલા ગોબલેશ્વર મહાદેવ મંદિર પાસે આજે સાંજના સુમારે ગણેશ વિસર્જન માટે અમદાવાદ ચાંદલોડીયા વિસ્તારમાંથી આવેલા ૧૦ યુવાનો નદીના ઉંડા પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. જેમાંથી ૭ યુવાનોને ફાયર બિગ્રેડની ટીમે સહી સલાતમ બચાવી લીધા હતા. જયારે એક યુવાનનો મૃતદેહ મળી આવ્યો હતો. જયારે મોડીસાંજ સુધી અન્ય બે લાપતા યુવાનોની શોધખોળ શરુ હતી. જયારે ચાંદલોડીયા વિસ્તારના યુવાનો ડુબ્યાની જાણ થતા હાહાકાર મચી જવા પામ્યો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ ગણેશ ચતુર્થીના પાવન દિવસે દુંદાળા દેવની પધરામણી કર્યા બાદ સાત દિવસ સુધી પૂજા-અર્ચના ભકતો દ્વારા કરવામાં આવી હતી. ચો તરફ ગણેશમય માહોલ બની જવા પામ્યો હતો. ગણેશજીના વિવિધ પંડાલોમાં સાંસ્કૃતિ, ધાર્મિક કાર્યક્રમો યોજી ભકતોએ આનંદથી ઉત્સવનની ઉજવણી કરી હતી. ત્યારે આજે સાતમાં દિવસે હજજારો ગણેશ ભકતોએ દુંદાળા દેવને સાબરમતિ નદીમાં વિસર્જન કરવા માટે મોટીસંખ્યામાં આવ્યા હતા. ત્યારે ગાંધીનગર કરાઈ પાસે આવેલા ગોબલેશ્વર મહાદેવ મંદિર પાસે આવેલ સાબરમતિ નદીમાં ખાતે પણ ચાંદલોડીયા વિસ્તારમાંથી ભકતો ગણેશજીની મૂર્તિ લઈને વિસર્જન માટે આવ્યા હતા. ત્યારે વિસર્જન સમયે ૧૦ જેટલા યુવાનો એક પછી એક ઉંડા પાણીમાં ડુબી રહ્યા હતા.

સાતને બચાવાયા : ૧ યુવાનનો મૃતદેહ મળ્યો, ૨ યુવાન હજુ પણ લાપતા

ગાંધીનગર ફાયર બિગ્રેડના જવાનોને કોલ મળતા તાત્કાલીક બનાવ સ્થળ પર પહોંચી જઈને ૭ જેટલા યુવાનોને સહી સલામત બહાર નીકાળ્યા હતા.

જેમાંથી એક યુવાન રામુભાઈ ગૌતમ ઉં.વ-૨૨ આશરે રહે. ચાંદલોડીયા, અર્બુદાનગર, રામપીરના મંદિર પાસે અર્ધબેભાન હાલતમાં મળી આવ્યો હતો. જેને તાત્કાલીક ૧૦૮ મારફતે સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જવાયો હતો. જયારે નદીમાં લાપતા થયેલા અન્ય ત્રણ યુવાનોની શોધખોળ ફાયર બિગ્રેડની ટીમ દ્વારા કરવામાં આવતા ઘણી શોધખોળ બાદ નદીના ઉંડા પાણીમાંથી આકાશભાઈ ગૌતમ (ઉ.વ.-૧૮ આશરે)નામના યુવાનનો મૃતદેહ મળી આવ્યો હતો. જયારે ગાંધીનગર ફાયર બિગ્રેડની ટીમે મોડીસાંજ સુધી અન્ય બે યુવાનોની શોધખોળ આદરી હતી.

પરંતુ મોડી સાંજ સુધી બે માંથી એક પણ યુવાનનો પત્તો લાગ્યો ન હતો. જયારે યુવાનોના પરિવારજનોને જાણ થતા તેઓ પણ ચિંતિત બન્યા છે. તો બીજી તરફ ચાંદલોડીયા વિસ્તારના યુવાનો ડુબતાની જાણ થતા તે વિસ્તારમાં શોકની કાલીમાં છવાઈ જવા પામી હતી.

હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

ડેડી એક વસ્તુ સારી થઈ... ગરીબ ધારાસભ્યોનો પગાર વધી ગયો...!!

અંબાજી જતા પદયાત્રીઓ માટે આજથી રોજ ૩૦ બસો દોડશે

ગાંધીનગર તા ૧૯

ભાદરવી પુનમના મેળાને અનુલક્ષી ગાંધીનગર એસ ટી ડેપો દ્વારા ભાવિકોને વાહન સુવિધા પુરી પાડવા માટે વિશેષ બસ સેવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. ગાંધીનગર એસ ટી ડેપો દ્વારા સતત પાંચ દિવસ રોજ ૩૦ જેટલી બસો આ રૂટમાં દોડાવાશે. ગાંધીનગર અંબાજી રૂટમાં પાંચ દિવસ દરમિયાન ૧૨૦ જેટલી બસો દોડાશે. દરવર્ષે ડેપો દ્વારા આ બસ સેવાનુ આયોજન કરવામાં આવે છે.

બોલ મારી અંબે જય જય અંબે ના જયઘોષની નગરના માર્ગો ગુંજી ઉઠયા છે. અંબાજી પગપાળા જતા ભાવિકોની સંખ્યા વિશેષ છે. જયારે નગરના માર્ગો પર સેવા કેન્દ્રો પણ ધમધમી રહ્યા છે. પગપાળા જતા ભાવિકોની સેવા કરવા માટે નગરની વિવિધ સંસ્થાઓ રાજકીય પક્ષાના આગેવાનો અને યુવાનો પણ નગરના સેવા કેન્દ્ર પર પદયાત્રીની સેવામાં વ્યસ્ત જોવા મળી રહ્યા છે. ભાદરવી પુનમના દિવસો નજીક આવતા રૂટમાં જતા પદયાત્રીઓની સંખ્યામાં પણ વિશેષ ઘસારો જોવા મળી રહ્યો છે. જયારે મોટાભાગના સંઘો અંબાજી તરફ પ્રયાણ કરી ચુક્યા છે. ત્યારે અંબાજીના રૂટમાં જરૂરીર વાહન સેવા મળી રહે તેવુ આયોજન પણ એસ ટી તંત્ર દ્વારા કરવામાં આવ્યુ છે. એસ ટી તંત્રના જણાંવ્યા મુજબ અગિયારસથી ભાદરવી પુનમ સુધી દરરોજ ૩૦ જેટલી બસો ગાંધીનગર થી અંબાજી રૂટમાં દોડશે. આ માટે એસ ટી ડેપો દ્વારા આયોજન કરી દેવાયુ છે. એસ ટી ડેપોના જણાંવ્યા મુજબ પાંચ દિવસ દરમિયાન રોજ આ વિશેષ બસ સેવા ચાલુ રહેશે. પાંચ દિવસમાં અંદાજિત ૧૩૦ જેટલી બસો અંબાજી રૂટમાં દોડશે. એસ ટી ડેપો દ્વારા પ્રતિવર્ષ અંબાજી જતા પદયાત્રીઓ માટે આ વિશેષ બસ સેવાનુ આયોજન કરવામાં આવે છે.

ભાટ સર્કલ પાસે કારના કાચ તોડી પર્સની ચોરી

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર અમદાવાદ માર્ગ પર ભાટ સર્કલ પાસે પાર્ક કરેલી બે કારના કાચ તોડી ને ચોરી થયાની ઘટના પ્રકાશમાં આવી છે. અમદાવાદ દશક્રોઈ તાલુકાના બિલાસીયા ગામે રહેતા સંદિપભાઈ પંચાલે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે ગત્ તા. ૧૬ સપ્ટેમ્બરના રોજ પોતાની આઈ-૨૦ કાર લઈને સહ પરિવાર ભાટ સર્કલ પાસે આવેલી હોટલ પર જમવા ગયા હતા. હોટેલના પાર્કિંગના જગ્યા ન હોવાથી સામે રોડ સાઈડમાં કાર પાર્ક કરી હતી. હોટલમાંથી દોઢ કલાક પછી જમીને પરત કાર તરફ આવતા જોયું તો પોતાની કારનો પાછળનો કાચ તુટેલો જોવા મળ્યો હતો. કારમાં તપાસ કરતા રૂ.૧૦ હજાર ની કિંમતનો કેમેરો અજાણ્યા શખ્સો ઉઠાવી ગયા હતા. જયારે તેમના સંબંધીની કારમાંથી ૧ હજારની રોકડ તથા અન્ય ચીજો સાથેનું પર્સ ચોરાઈ ગયું હતું. અડાલજ પોલીસે સંદિપભાઈની ફરિયાદના આધારે પોલીસે આ દિશામાં વધુ તપાસ હાથ ધરી છે.

આજે સે-૩ બી નવરાત્રી મહોત્સવ સમિતિની બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૧૯

નવરાત્રી મહોત્સવ સમિતિ સેકટર-૩ બી દ્વારા તા. ૨૦ સપ્ટેમ્બરના રોજ બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. ૨૬માં નવરાત્રી મહોત્સવ અંતર્ગત રાત્રે ૯ કલાકે સેકટર-૩બી નવરાત્રી ચોક ખાતે યોજાનાર બેઠકમાં સ્થાનિક રહીશોને ઉપસ્થિત રહેવા અનુરોધ કરાયો છે.

સે-૨૨માં મ્યુઝિકલ નાઈટ સાથે સાર્વજનિક ગણેશોત્સવનું સમાપન

ગાંધીનગર, તા.૧૯

સેકટર-૨૨ના સાર્વજનિક ગણેશોત્સવમાં તા. ૧૮-૯-૧૮ના રોજ રાત્રે નવા-જુના ગીતોના ગુલદસ્તાથી ગણેશોત્સવ ગૂંજી ઉઠયો હતો.

સરકારના માહિતી વિભાગના સૌજન્યથી મધુરું સ્મિત મ્યુઝીક એકેડેમીના ભરત ગજજર તેમજ જયોતિ ગજજરના સંચાલનમાં સંગીતમય કાર્યક્રમ રજુ થયો હતો જેમાં ગાયક ગાયિકાઓના કંઠે એક બાદ એક ગીતોએ અત્યંત વિશાળ સંખ્યાની સંગીત મેદનીને રાજી કરી લીધી હતી. વન્સમોરનાં અનેક નાદ વચ્ચે બંને ગાયકોએ મહેફિલ સજાવી દીધી હતી.

શ્રી ગણેશ ભગવાનની આરતી તેમજ પૂજા અર્ચના કરવા તેમજ કાર્યક્રમને નિહાળવા ગુજરાત વિધાનસભાના વિરોધ પક્ષના નેતા પરેશ ધાનાણી ગુડાના ચેરમેન

સંજયભાઈ અમરાણી, ગાંધીનગર કલ્ચર ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહા, ધારાસભ્ય અમરીશ ડેર, ડેપ્યુટી કમિશનર બારૈયા, ડેપ્યુટી મેયર દેવેન્દ્રસિંહ ચાવડા, વેપારી મંડળના પ્રમુખ કાલિદાસભાઈ પટેલ, કેપિટલ ઓફસેટના રમેશ પટેલ, કલ્ચરલ ફોરમના મંત્રી મહેન્દ્રભાઈ ગજજર તેમજ કોર્પોરેશનના બાંધકામ વિકાસના ભરતકુમાર પંડયા હાજર હતા. પરેશભાઈ ધાનાણીએ સતત ૪૯ વર્ષે કોઈપણ નાત જાતના ભેદભાવ વગર સમરસે ગણેશોત્સવની ઉજવણી કરવા બદલ અભિનંદન પાઠવ્યા હતા તેમજ ગણેશદાદાની અસીમકૃપા ગુજરાતની ધર્મપ્રેમી જનતા પર વરસે તેમજ નફરત અને વેરઝેરનું વિસર્જન થાય અને સુખ, સમૃદ્ધિ, શાંતિ સ્થપાય તેવી પ્રાર્થના કરી હતી. આજે બપોરે ૧૨.૩૦ કલાકે ઉપસ્થિત તમામે સાથે મળી શ્રી ગણેશજી ભગવાનની પૂજા આરતી કરી હતી. સમિતના અધ્યક્ષ નિશિત વ્યાસ, અરુણભાઈ બુચ, ડૉ ચેતના બુચ, દિલીપભાઈ ત્રિવેદી, મિતુલ જોશી, રાકેશ જાની, હિરેન શાસ્ત્રી, મુકેશ મારુ અને સમિતિના અન્ય સભ્યો દ્વારા વાજતે ગાજતે ગણપતિનું વિસર્જન કરવામાં આવ્યું હતું અને એક અનોખું ભકિતમય વાતાવરણ સર્જાયું હતું.

ગાંધીનગર મેડીકલ કોલેજમાંથી વીસ ડૉકટરની બદલી

વડનગર, હિંમતનગર અને જુનાગઢ ખાતે બદલી કરાઈ

ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી સંચાલિત વિવિધ મેડીકલ કોલેજોના પ્રોફેસરોની બદલીનો ગંજીપો ચિપાયો છે. આરોગ્ય વિભાગે સૌ પ્રથમવાર એક સાથે ૭૨ પ્રોફેસરોની બદલીના હુકમ કર્યા છે. વડનગર, હિંમતનગર અને જુનાગઢ મેડીકલ કોલજમાં રીન્યુઅલ પરમીશન માટે એમસીઆઈનું ઈન્સ્પેકશન આવવાનું હોવાથી તંત્ર દ્વારા આ બદલી કરવામાં આવી હોવાનું મનાય છે. પાંચ મેડીકલ કોલેજમાંથી ૭૨ પ્રોફેસરની બદલી કરવામાં આવી છે જેમાં ૨૦ પ્રોફેસરો ગાંધીનગર મેડીકલ કોલેજના છે. ગાંધીનગર મેડીકલ કોલેજના ૨૦ ડોકટરમાં ૮ ને હિંમતનગર, ૧૦ વડનગર અને ૨ ને જુનાગઢ મેડીકલ કોલેજ મોકલવામાં આવ્યા છે. ગાંધીનગર હોસ્પિટલમાંથી અચાનક આટલી મોટીસંખ્યામાં ડોકટર્સની બદલી થતા દર્દીઓ અને વિદ્યાર્થીઓ ભારે ચિંતા જન્મી છે.

ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટીની રચના વર્ષ ૨૦૧૦માં કરવામાં આવી હતી. જીએમઈઆરએસ સંચાલિત ૮ મેડીકલ કોલેજ છે. આ મેડીકલ કોલેજમાં વર્ષોથી સ્ટાફની ભરતી કરાઈ નથી. ત્યારે સોલા, ગોત્રી, વલસાડ, પાટણ અને ગાંધીનગર સહિત ૫ મેડીકલ કોલેજમાંથી ૭૨ પ્રોફેસરની બદલીનો ગંજીપો ચીપાયો છે. ત્યારે ગાંધીનગર મેડીકલ કોલેજમાંથી ૫ પ્રાધ્યાપક, ૫ સહ પ્રાધ્યાપક અને ૧૦ મદદનીશ પ્રાધ્યાપકનો સમાવેશ થાય છે.હિંમતનગર ખાતે બદલી થયેલા ડોકટર્સમાં પિડીયાટ્રીક વિભાગના પ્રાધ્યાપક ડો.હિમાન્શું જોષી, ઈએનટી વિભાગના પ્રાધ્યાપક ડો.આશીષ કટારકર, મેડીસીન વિભાગના સહપ્રાધ્યાપક ડો. સેશીલ પરમાર, રેડીલોજી વિભાગના ડો. નીલા ગાંધી, ડેન્ટીસ્ટ્રી વિભાગના ડો. પ્રિતી અગરવાલ, ગાયનેક વિભાગના મદદનીશ પ્રાધ્યાપક ડો. ચિંતન ઉપાધ્યાય, પીડીયાટ્રીક વિભાગના ડો. ધારા.એમ.પટેલ, અને આર્થોપેડીક વિભાગના ડો.નીલ રોહરાનો સમાવેશ થાય છે. જયારે જુનાગઢ ખાતે ઓપ્થલ્મોલોજી વિભાગના સહપ્રાધ્યાપક ડો. હિતેષ વ્યાસ અને મેડીસીન વિભાગના મદદનીશ પ્રાધ્યાપક ડો. ગૌરાંગ રાઠોડનો સમાવેશ થાય છે. જયારે વડનગર મેડીકલ કોલેજમાં બદલી પામેલામાં બોયો કેમેસ્ટ્રી વિભાગના પ્રાધ્યાપક ડો. શોભના ચંદનાની, માઈક્રોબાયોલોજી વિભાગના પ્રાધ્યાપક ડો. સીમા ભટ્ટ, ફોરેન્સીક મેડીસીન વિભાગના પ્રાધ્યાપક ડો. ધર્મેશ સીલાજીયા, એનેસ્થેસીયા વિભાગના સહપ્રાધ્યાપક ડો. ધારા પટેલ,અને મદદનીશ પ્રાધ્યાપક ડો.પૂનમ વાઘેલા, પીએસએમ વિભાગના ડો. જીગ્નેશ ગરસોંડીયા તેમજ ડો.ગૌરવ દેસાઈ, ફીજીયોલોજી વિભાગના ડો. દિવ્યેશ વડસ્મીયા, પેથોલોજી વિભાગના ડો. વૈદેહી આર.પટેલ, અને મેડીસીન વિભાગના ડો. નિયતી ગોસાઈનો સમાવેશ થાય છે.

કલા-ગુર્જરી દ્વારા ૨૨મીએ અખંડ ભજન રાત્રી યોજાશે

શનિવારે ટાઉનહોલમાં આખી રાત ભજનની રંગત જામશે : દિવસ દરમિયાન ભજન પરંપરાની જાણકારી માટે કાર્યશાળા પણ યોજાશે

ગાંધીનગર તા ૧૯

સાંસ્કૃતિક માહોલમાં આધ્યાત્મિક તત્વનો પરિચય થાય તેવા અભિગમ સાથે કલા સંસ્કૃતિ અને ભક્તિરસના અનોખા સમન્વય સાથે ઉગતી યુવા પેઢીમાં પરંપરા અને સંસ્કૃતિ જળવાઈ રહે તેવા ઉમદા આશયથી આગામી તા ૨૨ સપ્ટેમ્બરના રોજ સે-૧૭ ટાઉનહોલ ખાતે અખંડ ભજન રાત્રિનો વિશિષ્ટ કાર્યક્રમ યોજાશે.ગુજરાત સંગીત નાટક અકાદમી અને કલાગુર્જરીના સંયુકત ઉપક્રમે રાત્રિના ૯ : ૩૦ થી સવારે ૬ કલાક સુધી જાણીતા કલાકારો દ્વારા ગુરુમુકી આરાધથી માંડી પ્રભાતિયા સુધીના પરંપરાગત ભજનો રજુ કરવામાં આવશે. નગરજનોએ આઠ વર્ષ અગાઉ પણ આ પ્રકારના ભજનના કાર્યક્રમની મજા માંણી હતી.

ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી અને કલાગુર્જરીના સંયુકત ઉપક્રમે સંત પરંપરાના વારસનો આનંદ લેવા આ વિશિષ્ટ કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ છે. કલાગુર્જરી સાથે જોડાયેલા પુર્વ સાંસ્કૃતિક મંત્રી મહેન્દ્ર ત્રિવેદી , ગુજરાત રાજય સંગીત નાટક અકાદમીના અધ્યક્ષ પંકજ ભટ્ટ, કલા ગુર્જરી સંસ્થાના પ્રમુખ એન પી પટેલ,જયરાજસિંહ સરવૈયા, હર્ષદ ભટ્ટ સહીતના અગ્રણીઓએ આ અંગે માહીતી આપતા જણાંવ્યુ હતુ કે સંત પરંપરા સાંસ્કૃતિક ઓળખનુ અસ્તિત્વ વધુ મજબુત બને અને આ પરંપરા એક પેઢીથી બીજી પેઢી સુધી પહોંચતી થાય તેવા આશયથી આ કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ છે. માત્ર મનોરંજન જ થાય પરંતુ સાંસ્કૃતિક ઓળખ બનતી પ્રવૃતિને જાળવી રાખવા માટે અગાઉ પણ આ પ્રકારના કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ હતુ.ભકિત પરંપરા કબીર સાહેબના સમયથી ચાલે છે. જેમાં સંગીત પણ જોડાયેલુ છે. માનસિક સંતુલને બેલેન્સ કરવા માટે સંગીત જરૂરી છે. ત્યારે સાંસ્કૃતિક ઓળખ અને આધ્યાત્મિક તત્વના પરિચય માટે આ મુજબના કાર્યક્રમ અનિવાર્ય છે. અખંડ ભજન રાત્રિ દરમિયાન ગણેશજીનુ ભજન ગુરુમુખી વાણી, ભૈરવી આરાધના પ્યાલા, ઝાંઝરી અને રામગ્રી તેમજ પ્રભાતિયા રજુ કરાશે. આ અખંડ ભજન રાત્રિ દરમિયાન જાણીતા ભજનીકો પ્રફુલ્લ દવે, હેમંત ચૌહાણ, ભારતીબેન વ્યાસ, કલ્યાણદાસ મેસવાણિયા, ભાવિકોને વૈવિધ્યસભર ભજનોનો રસ પીરસશે. ડો નિરંજન રાજયગુરુ, ડો દલપત પઢિયાર સંતવાણીના આ કાર્યક્રમનુ સંચાલન કરશે.જયારે પ્રથમ પ્રહરના અંતે શુધ્ધ ઘી ના મહાપ્રસાદનુ પણ વિતરણ કરાશે. સંસ્થા દ્વારા ભજન પરંપરાની જાણકારી માટે કાર્યશાળાનુ પણ આયોજન કરવામાં આવ્યુ છે. ૨૨ મી સપ્ટેમ્બરે સે-૧૨ સ્થિત આંબેડકર હોલ ખાતે સવારે ૯ : ૩૦ થી સાંજે ૫ કલાક દરમિયાન આ અંગેની એક કાર્યશાળા આયોજન કરવામાં આવ્યુ છે. આ દરમિયાન પ્રશિક્ષક તરીકે વી એસ ગઢવી, નાથાભાઈ ગોહીલ ભજનો અંગે જાણકારી આપશે. આ કાર્યશાળા માટે નિરેન બ્રહ્મભટ્ટ અને રાજુ ભટ્ટનો મો નંબર ૯૮૨૪૦૯૫૨૩૪ પર સંપર્ક કરી નામ નોંધાવવા નગરજનોને અપીલ કરવામાં આવી છે.

ગાંધીનગર શહેરના સેકટર-૬ બી અંબાજી ચોક ખાતે બ્રહ્મભટ્ટ એકતા યાત્રા મંગળવારના રોજ બપોરે આવી પહોંચી હતી. આ યાત્રાનું ગાંધીનગર બ્રહ્મભટ્ટ સમાજ દ્વારા સરસ્વતી રથનું પૂજન અર્ચન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગાંધીનગર બ્રહ્મભટ્ટ સમાજના આગેવાનો, હોદેદારો તેમજ કાર્યકરો મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા.

જાહેર નિવિદા નં. ૭ /૨૦૧૮-૧૯

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી સચિવાલય સંકુલ વિદ્યુત પેટા વિભાગ નં.૧, પાટનગર યોજના ભવન, સેક્ટર નં.૧૬, બ્લોક નં. 'એ' પ્રથમ માળ, ગાંધીનગર-૩૮૨૦૧૬ (ફોન નં. ૨૩૨૫૯૪૭૪-૭૫) દ્વારા ગાંધીનગર ખાતે વિજળીકરણના ૪ (ચાર) કામના ટેન્ડર જેની અંદાજીત રકમ રૂ. ૩૫૫૬૨.૦૦ થી રૂ. ૯૯૪૨૯.૪૫ની છે જે માટે યોગ્ય શ્રેણીમાં નોંધણી થયેલ વિદ્યુત પરવાના ધરાવતા વિદ્યુત ઠેકેદારો અને અનુભવ ધરાવતા ઠેકેદારો પાસેથી ટેન્ડર મંગાવવામાં આવે છે. આ કામના કોરા ટેન્ડરો આપવાની છેલ્લી તારીખ : ૨૬/૯/૨૦૧૮ (સમય ૧૬.૦૦ કલાક) સુધી છે. ભરેલ ટેન્ડરો રજી.પો.એ.ડી./સ્પીડ પોસ્ટથી પરત મેળવવાની છેલ્લી તારીખ : ૪/૧૦/૨૦૧૮ કચેરી સમય સુધી છે. આ કામની વિગતવાર નોટીસ પેટા વિભાગીય કચેરીના નોટીસ બોર્ડ પર મુકવામાં આવેલ છે. આ નોટીસ અંગેની વધુ માહિતી માટે ઉપરોક્ત કચેરીની જાહેર રજા સિવાયના દિવસોમાં રસ ધરાવતા ઈજારદારો અને વિદ્યુત ઠેકેદારોએ રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી છે. જો સરકારી દ્વારા આકસ્મિક રજા જાહેર થાય તો ટેન્ડર આપવાની તથા પરત મેળવવા અંગેની તારીખો જાહેર રજાના પછીના કચેરીના કામકાજના દિવસની ગણત્રીમાં લેવામાં આવશે.

માહિતી/૧૬૦૨/૧૮-૧૯

જીવનમાં મન-વચન-કથાનો સંયમ જ સમસ્યાઓનો વ્યવહારિક ઉકેલ : આચાર્ય સુનીલ સાગરજી

ગાંધીનગરના સેક્ટર ૨૧ દિગંબર જૈન મંદિર સન્મતિ સમવશરણમાં આચાર્ય સુનીલ સાગરજી મહારાજ ૪૫ પિચ્છીના સંઘ સાથે ચાતુર્માસ કરી રહ્યા છે અને પર્યુષણ દરમ્યાન ધર્મ-વર્ષાનો અમૃતપાન કરાવી રહ્યા છે. આજે પર્યુષણ મહાપર્વમાં દશ લક્ષણ ધર્મનાં ઉત્તમ સંયમ ધર્મના દિવસે ગુજરાત રાજ્યના વિધાનસભ્યો ગોવિંદભાઈ, વિરોધપક્ષના નેતા પરેશ ધાનાણી, સંગીતા પાટીલ, સીમાબેન મોહી, ડૉ. આશાબેન પટેલ, યોગેશ પટેલ, ગેગીબેન ઠાકોર, દેવાભાઈ માલમ, આનંદભાઈ ચૌધરી, ઉપદંડક, પ્રદ્યુમ્નસિંહ જાડેજા, મોહનસિંહ રાઠવા, વિરેન્દ્રસિંહ જાડેજા, હિમ્મતસિંહ પટેલ, ભીખાભાઈ જોષી, બાબુભાઈ વાઝા, હર્ષદભાઈ રાબડિયા, પ્રદેશ અધ્યક્ષ- કિસાન મોર્ચા અને ધારાસભ્ય, પુનાભાઈ ગામિત, માલતીબેન મહેશ્વરી, દિનેશભાઈ વસાવા, લલિતભાઈ, ધોરાજી, જવાહરભાઈ, મહેશભાઈ છોટુભાઈ વસાવા વગેરે ધારાસભ્યોએ આચાર્યના દર્શનમાટે પધાર્યા અને ધર્મભાવનાથી પ્રેરાઈને પોતાનાં કાર્યક્ષેત્રમાં સંયમ, વિવેક રાખવાના સંકલ્પ પણ જાહેર કર્યા હતા.

મુનિવર જ સંયમ ના ધારણ કરી શકે એવું નથી પણ સદ-ગૃહસ્થો પણ નાના નાના સંકલ્પોનું પાલન કરી ઉત્તમસંયમ ધર્મની સાધના કરી શકે છે. શ્રાવકોએ ઈન્દ્રિઓનાં વિષરૂપ વિષયો પત્યે આકર્ષણ અટકાવું પડશે, ઓછો કરવું પડશે અને ખોટા રસ્તે જતા બ્રેક મારી સાચા મોક્ષમાર્ગના રસ્તે આવું પડશે. જો ગેર માર્ગે જેટલા આગળ નિકળી જશો એટલું જ વધારે પાછો ચાલવાનું રહશે. માનવ જન્મ કોઈ વ્યસન કે ફેશન માટે નથી મળ્યું તેથી પશુવત કામવાસનાયુક્ત વ્યવહારને સમય રહેતા અટકાવો. મર્યાદા પુરુષોત્તમ રામ અને નારાયણ શ્રીકૃષ્ણનો જીવન સંયમમય જીવનનો ઉત્તમ આદર્શ છે. ભગવાન નેમિનાથ સ્વામીની વિષયભોગો પ્રત્યેની વિરક્તિ, પશુઓના કરુણ ક્રંદનનો સમજવાની સંવેદનશીલતા સંયમની અદભુત મિશાલ છે તેમનો આ તદાનુરૂપ આચારણ ધન્ય છે જેમણે એક પળ ગુમાવ્યા વગર આત્મકલ્યાણ માટે સંયમ ધારણ કરી લીધું. પ્રભુ મહાવીરે ૧૨ વર્ષ સુધી સંયમની કઠોર સાધના કરી ભેદવિજ્ઞાનની દૃષ્ટિ પ્રકટાવી હતી. સંયમ જ કર્મોનો નાશ કરવા માટેનો અહિંસક અને સશક્ત અસ્ત્ર છે જે સહનશીલતા વિકસાવે છે, સોનાની જેમ તપાવી ખરૂ સોનુ બનાવે છે. આચાર્યએ કહ્યું હતું કે જીવનમાં મનનો સંયમ, વચનનો સંયમ, અને શારીરિક શક્તિ હોવા છતાં કાયનો સંયમ હોય તો વ્યાવહારિક સામાજિક સમસ્યાઓનું સહજ અને કાયમી નિરાકરણ શક્ય છે. મનનો સંયમ ક્રોધાદિ કષાયો પર બ્રેક લગાવે છે.

કેન્દ્રીય નાણામંત્રીના પુતળા દહન કરનાર કોંગ્રેસના કાર્યકરો સામે પોલીસ ફરીયાદ

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર જિલ્લા યુથ કોંગ્રેસના પ્રમુખ તથા કાર્યકરો દ્વારા ગત્ શુક્રવારના રોજ જિલ્લા પંચાયત પાસે કેન્દ્રીય નાણામંત્રીનું પુતળાનું દહન કરવાની ઘટના સામે આવતા પોલીસ તંત્ર દોડતું થઈ ગયું હતું. આ અંગે પોલીસે ગુનો નોંધવાની તૈયારી કરી હતી. પરંતુ સત્તા પોલીસ પાસે ન હોવાથી આખરે એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ દ્વારા જાહેરનામા ભંગની ફરિયાદ સેકટર-૨૧ પોલીસ મથકમાં કોંગ્રેસના કાર્યકરો સામે નોંધવામાં આવી છે.

કેન્દ્રીય નાણામંત્રી અરૂણ જેટલી તથા ભાગેડુ ઉદ્યોગપતિ વિજય માલ્યા વચ્ચે વાતચિત થઈ હોવાના મુદ્દે કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ આકરા પ્રહારો કર્યા હતા અને જેટલીનું રાજીનામું માગ્યું હતું. આ અંગે કોંગ્રેસ દ્વારા કાર્યક્રમો જાહેર કરવામાં આવ્યા હતા. જેને પગલે ગાંધીનગર યુથ કોંગ્રેસ દ્વારા પણ જેટલીના પૂતળા દહનનો કાર્યક્રમ નક્કી કરવામાં આવ્યો હતો. પરંતુ કાર્યક્રમ જાહેર થાય તો પોલીસ પકડી જશે તેવા ડરના કારણે જાહેર કર્યા વિના જ ગત શુક્રવારના રોજ જિલ્લા પંચાયત પુતળુ સળગાવીને કાર્યક્રમ પૂર્ણ કર્યો હતો. પરંતુ પોલીસને પૂતળા દહનની જાણ થતા પોલીસ દોડતી થઈ ગઈ હતી. આ કાર્યક્રમમાં યુથ કોંગ્રેસના પ્રમુખ જીતેન્દ્રસિંહ સોલંકી, ખુમાનસિંહ રાણા,દહેગામના પૂર્વ ધારાસભ્ય કામીનીબા રાઠોડ, જિલ્લા કોંગ્રેસના સમિતિના પ્રમુખ સુર્યસિંહ ડાભી, તથા યુથ કોંગ્રેસના અને કોંગ્રેસના કાર્યકરો પણ જોડાયા હતા. ત્યારે ગાંધીનગર એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ આર.જે. માહયવંશી દ્વારા આ તમામ સામે જીલ્લા મેજીસ્ટ્રેટના જાહેરનામા ભંગની કલમ ૧૮૮ હેઠળ સેકટર-૨૧ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. પોલીસે ફરિયાદના આધારે આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

જાહેરાત ૦૨-૨૦૧૮

ધોલેરા સ્પેશયલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટી, બ્લોક નં. ૧૧-૧૨, ઉજો માળ, ઉદ્યોગ ભવન, ગાંધીનગરમાં નીચે દર્શાવેલ જુદીજુદી કામગીરી માટે એજન્સી નક્કી કરવા અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી Online ટેન્ડરો મંગાવવામાં આવે છે. આ Online ટેન્ડર www.nprocure.com સાઈટ ઉપર ઉપલબ્ધ છે. Online ટેકનીકલ તથા નાણાંકીય બીડના ટેન્ડર ભરીને અપલોડ કરવાની છેલ્લી તા. ૨૪/૯/૨૦૧૮ના રોજ ૧૬.૦૦ કલાક છે.

(૧) વાહન સુવિધા પુરા પાડવા માટે
આ અંગેના ટેન્ડર તા. ૨૬/૯/૨૦૧૮ના રોજ ૧૨.૦૦ કલાકે ખોલવામાં આવશે.

(૨) જુદી જુદી કામગીરી માટે મેનપાવન પુરા પાડવા માટે (નક્કી થનાર એજન્સીની સેવા ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ બોર્ડ તથા તેના હસ્તકની કચેરીઓમાં ઉપયોગમાં લેવામાં આવશે.)
આ અંગેના ટેન્ડર તા. ૨૬/૯/૨૦૧૮ના રોજ ૧૭.૦૦ કલાકે ખોલવામાં આવશે.

(૩) ઝેરોક્ષની કામગીરી માટે (પ્લોટરમાં નકશા કાઢવાની કામગીરી સહિત)
Online અપલોડ કરવામાં આવેલ દરેક ટેન્ડરની ટેકનીકલ બીડની નકલ સીલબંધ કવરમાં ઉપરોક્ત કચેરીમાં તા. ૨૪/૯/૨૦૧૮ના રોજ ૧૮.૦૦ કલાક સુધીમાં મળે તે રીતે રજી.પોસ્ટ એ.ડી. / રૂબરૂ મોકલી આપવાના રહેશે. આ દરેક ટેન્ડરની નકલ સાથે 'ધોલેરા સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટી'ના નામનો રૂ. ૧૦૦૦/-નો ડીમાન્ડ ડ્રાફ્ટ (પરત નહીં ચુકવવાપાત્ર) રજૂ કરવાનો રહેશે.

કોઈપણ ટેન્ડર કે તમામ ટેન્ડરો કોઈપણ કારણ દર્શાવ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકાર આ કચેરીને રહેશે